

## (B - 32)
## આજ મારે રે આંગણીએ શ્રી જિનવરજી

(મહાવીરા તેરી ધૂનમેં–રાગ)

આજ મારે રે આંગણીએ શ્રી જિનવરજી પધાર્યા,
શ્રી જિનવરજી પધાર્યા શ્રી જિનવરજી પધાર્યા;
શ્રી જિનવરજી પધાર્યા–આજે મારે. ૧.

સીમંધરનાથ આવો, તીર્થંકરદેવ પધારો, (૨)
જયનાદ ગગનમાં ગાજે, હૈડાં સેવકનાં હરખે–આજ. ૨.

હૈડાના હાર આવો, આતમ શણગાર પધારો, (૨)
પાવન સેવકને કરીને, સેવક સામું નિહાળો–આજ. ૩.

કઈ વિધ વંદુ સ્વામી, કઈ વિધ પૂજું સ્વામી, (૨)
ત્રિલોકીનાથ પધાર્યા, અમ સેવકના આંગણીયે–આજ. ૪.

શ્રી માનસ્તંભ સોહે, સીમંધરનાથ બિરાજે, (૨)
વિભૂતિ જગની આવે, શ્રી જિનવરના ચરણોમાં–આજ. ૫.

ધ્યાન ધુરંધર સ્વામી, વીતરાગ વિલાસી સ્વામી, (૨)
સુખમંદિર જિનવરદેવા, હમ રહીએ તુજ ચરણોમાં–આજ. ૬.

ત્રિલોકીનાથ ચરણે, મુક્તિનું સુખ નિહાળું, (૨)
દિનરાત જિનને ધ્યાવું, અંતરમાં નાથ વસાવું–આજ. ૭.

ગુરુ કહાન જિનને નિરખે, હૈડામાં હરખી જાયે, (૨)
તુજ વારણા ઉતારે, સુવર્ણે મંગલ થાયે–આજ. ૮.

ગુરુ કહાનના પ્રતાપે, જિનરાજ ભેટ્યા આજે, (૨)
આ પંચમકાળ ભૂલાયે, નિત નિત મંગળ થાયે–આજ. ૯.